Annexure-B

# ઓનલાઇન ઇ-ઓકશનની શરતો

1. ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વેબસાઇટ https://e-auction.nprocure.com પર સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ જ સદર વેબસાઇટ મારફતે https://e-auction.nprocure.com ઇ-ઓકશનમાં ભાગ લેવાની કાર્યવાહી થઈ શકશે.
2. વહીવટી ચાર્જ/ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.(Earnest Money Deposit) ભરેલ નહિ હોય તો ઇ-ઓકશનમાં ભાગ લઇ શકાશે નહી.
3. ઇ-ઓકશન માટે બીડર/અરજદાર દ્વારા રજીસ્ટ્રેશન કર્યા બાદ વહીવટી ચાર્જ/ ટેન્ડર ફી તેમજ E.M.D. ની રકમ ભરપાઇ કરવાની રહેશે. જેમના દ્વારા જે-તે દુકાન/હોલ નો વહીવટી ચાર્જ તેમજ E.M.D ની રકમ ભરપાઇ કરેલ હશે. તેઓ નિયત તારીખ અને સમયે જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે. જાહેરાતમાં દર્શાવેલ તારીખથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલુ થઇ જશે.
4. એકથી વધુ હોલ/દુકાન મેળવવા માંગતા હોય તો પ્રત્યેક દુકાન/હોલ માટે વહીવટી ચાર્જ / ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભરવાના રહેશે.
5. રજીસ્ટ્રેશનની ઓનલાઇન પ્રક્રિયામાં બીડર/અરજદાર દ્વારા અપાયેલ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા રજીસ્ટર્ડ ઇ-મેઇલ એડ્રેસ તરીકે રહેશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્ર-વ્યવહાર તરીકે ગણવાના રહેશે.
6. ઇ-ઓકશન મોડયુઅલ અંતર્ગતના તમામ સ્ટેજમાં ચુસ્તપણે તારીખ તથા સમયનું પાલન કરવાનું રહેશે.
7. જાહેરાતમાં આપેલ સમય મર્યાદામાં વહીવટી ચાર્જ / ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (E.M.D.) ની રકમો ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને નેટ બેન્કીંગથી માત્ર ઓનલાઇન પેમેન્ટથી ભરપાઇ કરી શકાશે.
8. ઇ-ઓકશન અંગે માંગ્યા મુજબની વિગતો અરજી પત્રક Annexure-A માં ભરી ઓનલાઇન સમય મર્યાદામાં વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.
9. દરેક મિલકત માટે ઇ-ઓક્શનનો સમયગાળો ૩૦ મિનીટ રહેશે. એટલે કે, જાહેરાતમાં દર્શાવેલ તારીખ અને સમયે ઇ-ઓકશનની પ્રક્રિયા શરૂ થઇ જશે. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન આખરી ૦૨ મિનીટમાં જો કોઇ બીડ મળશે તો ઓકશનનો સમયગાળો વધુ ૦૨ મિનીટ માટે આપોઆપ લંબાઇ જશે જે મહત્તમ પાંચ (૫) વખત થઇ શકશે. ત્યારબાદ ઇ-ઓકશન આપોઆપ ક્લોઝ થશે.
10. સત્તામંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે અને તેવી સમયસીમામાં બીડર/અરજદાર દ્વારા Annexure-A ના અરજીપત્રકની અસલ તથા અરજીમાં રજૂ કરેલ વિગતોના અનુસંધાને જરૂરી આધાર-પુરાવાઓ રજુ કરવાના રહેશે.
11. બીડર તરીકે કોઈ એક જ વ્યક્તિની વિગત રજૂ કરવાની રહેશે. એકથી વધારે ખાનગી વ્યક્તિઓ સંયુક્ત રીતે અરજી કરતાં હોય તેવા કીસ્સામાં આવી તમામ ખાનગી વ્યક્તિઓ દ્વારા બીડરના નામનો ઓથોરીટી લેટર હોવો જરૂરી છે. સરકારી સાહસ, એચ.યુ.એફ., સરકારી કંપની, પાર્ટનરશીપ ફર્મ, જોઈન્ટ વેન્ચર, લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ ફર્મ, કો-ઓપરેટીવ હાઉસીગ સોસાયટી, પ્રાઈવેટ લીમીટેડ કંપની, સરકારી ઈંસ્ટીટ્યુસન, પબ્લીક લીમીટેડ કંપની અથવા અન્ય ઈંટીટીના કીસ્સામાં બીડરના નામની પાવર ઓફ એટર્ની અથવા કંપની રીઝોલ્યુશન કે એથોરીટી લેટર હોવો જરૂરી છે. બીડરની વિગતો Annexure-



Scanned with CamScanner

A ના કોષ્ટક-4 માં ભરવાની રહેશે. અરજદાર અને બીડર એક જ વ્યક્તિ હોય તો Annexure-A ના કોષ્ટક-4 ના તમામ ખાનામાં જરૂરી વિગતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

12. જે બિડરોએ ઇ-ઓકશનમાં ભાગ લેવા વહીવટ ચાર્જ/ ટેન્ડર ફી અને EMD ની રકમો ભરેલ હશે, પરંતુ જો તે બિડરો દ્વારા ઇ-ઓકશનીંગ શરૂ થાય ત્યારે મિનીમમ ઓફર પ્રાઇસ (તળીયાની કીંમત) ઉપર લઘુત્તમ વધારા રૂ. 10,000/-સહિતની પ્રથમ બીડ ભરાશે નહીં, તો તે બીડ પ્રોસેસમાં આવશે નહીં. તેમજ ત્યારબાદ બીડ પ્રોસેસમાં માત્ર છેલ્લી મહતમ બીડ ઉપર રૂ. 10,000/-ના ગુણાંકમાં બીડ એમાઉન્ટ ભરવાની રહેશે.

13. જે-તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઇઝ (તળીયાની કીંમત) ઉપર ઇ-ઓકશન દરમ્યાન બોલી/ઓકશન તરીકે પ્રત્યેક વખતે જાહેરાત મુજબ જે-તે ટેન્ડરના નિયત કરેલ લઘુત્તમ વધારા રૂ. 10,000/- કે તેના ગુણાંકમાં બોલીની રકમ બીડ કરવાની રહેશે.

14. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન બીડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઇપણ બિડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહિં, માત્ર જે તે બિડર પોતે જ તે બીડમાં હાઇએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ-ઇનમાં જાણી શકશે.

15. ઓનલાઇન ઓકશનની પ્રક્રિયા સર્વર રિસ્પોન્સ ટાઇમ, ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વિગેરેને આધારિત હોઇ, બિડીંગ કરવા માટે બિડીંગ પૂર્ણ થવાની છેલ્લી મિનીટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બીડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનીટમાં કરવામાં આવેલ બિડીંગને લીધે જો કોઇ પ્રશ્નો ઉદભવે તો આ બાબતે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળનો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

16. ઈ-ઓક્શનમાં હાઇએસ્ટ બીડ/બોલી ભરનાર બીડર/અરજદારને બેસ્ટ બિડર તરીકે જાહેર કરવામાં આવશે.

17. બિડર દ્વારા ઈ-ઓકશનમાં બીડ આપ્યા બાદ ઈ-ઓક્સનની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધીના કોઇ પણ તબકકે પોતાની બીડ પરત ખેંચી શકશે નહીં. બિડર દ્વારા માંગણી મુજબના ડોકયુમેન્ટસ તેમજ ફાળવણીપત્રમાં દર્શાવેલ શરતોની પૂર્તતા સમયમર્યાદામાં રજુ કરવામાં નહીં આવે તો, હાઇએસ્ટ બિડરને ડિસકવોલીફાઇડ બિડર તરીકે જાહેર કરવામાં આવશે. તેમજ તેના દ્વારા ભરપાઇ કરવામાં આવેલ E.M.D. ની રકમ જપ્ત કરવામાં આવશે. જે દુકાન/ હોલના કીસ્સામાં સત્તામંડળ દ્વારા હાઈએસ્ટ બીડર ડીસ્કવોલીફાય કરવામાં આવે તેવા કિસ્સામાં તે દુકાન/ હોલનો નિકાલ કરવા માટે સત્તામંડળ દ્વારા અલાયદો નિર્ણય લેવામાં આવશે તેમજ સેકંડ કે તેનાથી નીચી બીડ કરનાર બીડર/ અરજદારનો આવી દુકાન/ હોલ મેળવવા માટે કોઈ દાવો રજૂ કરી શકાશે નહીં.

18. ઈ-ઓકશનમાં માત્ર એક જ બિડર દ્વારા સિંગલ બીડ ભરી સિંગલ ઓફર આપવાના સંજોગોમાં તેમજ એક કરતાં વધુ બીડ એક જ વ્યક્તિ દ્વારા ભરવામાં આવેલ હોવાના સંજોગોમાં બેસ્ટ બીડર ગ્રાહ્ય રાખવા અંગે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

19. ઇ-ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ હાઇએસ્ટ બિડરની E.M.D. સિવાયની મળેલ અન્ય બીડ માટે E.M.D.ની રકમ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળના સક્ષમ અધિકારીની મંજુરી મળ્યા બાદ જ પરત કરવામાં આવશે.

20. ઇ-ઓકશન પ્રક્રીયા દરમ્યાન કે તે બાદ કોઇપણ વાદ-વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઇ વિસંગતતા જણાઇ આવશે તો તે અંગે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળના સક્ષમ અધિકારીનો

ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ ભુજ



Scanned with CamScanner

નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. ઓક્શન બીડ અને હરાજી સ્વીકારવી કે ન સ્વીકારવી તે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની મુનસુફી પર નિર્ભર રહેશે.

21. ઈ-ઓક્સન માટે લેવાયેલ E.M.D./ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનુ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

22. ઇ-ઓકશનમાં જે-તે હોલ/દુકાન માટે આવેલ મહત્તમ ઓફર(હાઈએસ્ટ બીડ) ની સક્ષમ સત્તાધિકારીની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

23. હાઈએસ્ટ બીડ કરનારને ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા દુકાન /હોલની ફાળવણીની મંજુરી મળ્યેથી સંપૂર્ણ રકમ/કીંમત માં E.M.D. ની રકમ સરભર કરી આપવામાં આવશે અને બાકીની કીંમત ફાળવણીના પત્રની તારીખ થી દીન-30 માં રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક થી ભરવાની રહેશે. સિવાય કે સત્તામંડળ ખાસ કારણોસર ભરવાની થતી રકમની તારીખ લંબાવે તો વધારાના દીવસો માટે બાકી રહેતી રકમ પર વાર્ષિક ૧૫ % સાદુ વ્યાજ ચુકવવાનુ રહેશે.પરંતુ આ વધારાની મુદત ફાળવણીના પત્રની તારીખથી ૧૮૦-દીવસથી વધુ રહેશે નહી.સત્તામંડળ દ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં બાકી રહેતી રકમ ભરવામાં નહી આવે તો બીડર/અરજદાર દ્વારા ભરેલ તમામ રકમ અર્નેસ્ટ મની ડીપોઝીટ સહીત સત્તામંડળ દ્વારા જપ્ત કરી લેવામા આવશે અને બીડરની જપ્ત કરેલ રકમ કે મીલ્કત બાબતે બીડર/અરજદાર કોઈ હક્ક-દાવો કરી શકશે નહી.

24. મંજુર થયેલ હોલ/દુકાનની ભરવાપાત્ર સંપૂર્ણ કીંમત ભરપાઈ થયા બાદજ દુકાન/હોલના ફાળવણીનો હુકમ કરવામાં તેમજ લીઝ ડીડ સારૂની આગળની કાર્યવાહી કરવામાં આવશે. લીઝ ડીડ રજીસ્ટર થઈ ગયા બાદ જ કબ્જો સુપ્રત કરવામાં આવશે.

25. હાઈએસ્ટ બીડર દ્વારા હોલ/દુકાનની કુલ કીંમત ભરપાઈ કરી દીધેલ હોય પરંતુ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડ્ળ હોલ/દુકાનની ફાળવણીના હુકમ ન કરે ત્યાસુધી સાઇટ ઉપર કોઇ પણ પ્રકારે જાહેરાત કે ઉપયોગ કરી શકશે નહીં.

26. સ્થળ ઉપર દુકાન/હોલ જે સ્થિતીમાં જ્યા છે તેમ સત્તામંડળ દ્વારા ૯૯-વર્ષના લીઝથી આપવામા આવશે તેમજ કોઈપણ પ્રકારનુ રીપેરીંગ કે વધારાનુ બાંધકામ કે અન્ય કોઈ સુવિધાઓ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડ્ળ દ્વારા કરવામા આવશે નહી. લીઝની શરતો Annexure-C મુજબ રહેશે.

27. લીઝના દસ્તાવેજ(ડીડ) રજીસ્ટ્રેશન,સ્ટેમ્પ ડ્યુટી વિગેરેનો તમામ ખર્ચ દુકાન/હોલ લીઝ પર રાખનાર વ્યક્તિએ ભોગવવાનો રહેશે.

28. ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળના પ્રવર્તમાન તથા વખતો વખતના નિયમો બંધનકર્તા રહેશે.

29. દુકાન/હોલના ક્ષેત્રફળ વધ-ઘટ જણાંય તો આ બાબતે આખરી નિર્ણય ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળનો રહેશે.

30. આ બાબતે ન્યાયક્ષેત્ર ભુજ(કચ્છ) રહેશે.

ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ
ભુજ

-સહી-
(અતિરાગ ચપલોત IAS)
મુખ્ય કારોબારી અધિકારી
ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભુજ-કચ્છ



Scanned with CamScanner